# ધોરણ - ૧૦

## વિષય – સંસ્કૃત

## સ્વાધ્યાય

### પાઠ – 13

### गीता मृतम



વિદ્યાર્થીનું નામ :

શાળાનું નામ :





# 13. गीतामृतम

## विषयप्रवेश

1) श्रीमद्‌भगवद्‌गीता महाभारतना कया पर्वमांथी लेवामां आवेलुं छे ?
→ भीष्मपर्व

2) श्रीमद्‌भगवद्‌गीतामां आवेल अध्यायो अने श्लोकोनी संख्या केटली छे ?
→ 18 अध्यायो अने 700 श्लोको

3) श्रीमद्‌भगवद्‌गीतामां कोने शेनो उपदेश आपवामां आव्यो छे ?
→ अर्जुनने कर्तव्य अने अकर्तव्यनो

4) श्रीमद्‌भगवद्‌गीतानुं विषयवस्तु शुं छे ?
→ तत्त्वज्ञान

1) म्रियते न - मरतो नथी
भूत्वा - थईने
शाश्वतः - सनातन, कायमी
पुराणः - पुराणो
अजः - जन्म न लेनारो

आ आत्मा कदी पण जन्मतो नथी के मरतो नथी; आ आत्मा थईने फरी थशे के थवानो पण नथी. आ आत्मा सनातन, पुराणो, अजन्मा, सदा रहेनारो छे. शरीर नाश पामे छे त्यारे आ आत्मा नाश पामतो नथी.

Page
Date

2) जातस्य - જન્મેલાનું
ध्रुवः - નિશ્ચિત, ચોક્કસ
तस्मात् - તેથી
अपरिहार्ये - ટાળી ન શકાય તેવી
अर्थे - બાબતમાં

જન્મેલાનું ખરેખર મરણ નિશ્ચિત છે અને મૃત્યુ પામેલાનો જન્મ નિશ્ચિત છે. તેથી ટાળી ન શકાય તેવી બાબતમાં તારે શોક ન કરવો જોઈએ.

3) कर्मणि - કર્મ કરવામાં
ते अधिकारः - તારો અધિકાર છે.
त्वम् - તું
मा - નહિ

કર્મ કરવામાં જ તારો અધિકાર છે; ફળની બાબતમાં ક્યારેય નહિ. તું કર્મના ફળની ઈચ્છાવાળો થઈશ નહિ. કર્મ ન કરવામાં પણ તારો આસક્તિ ન થાઓ.

4) तत्परः - સાવધાન
संयतेन्द्रियः - સંયત છે ઈન્દ્રિયો જેની તે
लब्ध्वा - મેળવીને
अचिरेण - ટૂંક સમયમાં
अधिगच्छति - પામે છે, મેળવે છે

Scanned with OKEN Scanner

સાવધાન અને જેની ઈન્દ્રિયો કાબૂમાં હોય તે શ્રદ્ધાવાન પુરુષ જ્ઞાન પ્રાપ્ત કરે છે; જ્ઞાન પ્રાપ્ત કરીને તે ટૂંક સમયમાં પરમ શાંતિ પામે છે.

5) ભરતર્ષભ - હે ઉત્તમ ભરતવંશી રાજા
चतुर्विधाः - ચાર પ્રકારના
सुकृतिन :- સદાચારી
आर्तः - દુઃખી
જ્ઞાની - જ્ઞાનસંપન્ન વિદ્વાન

હે ભરતવંશના શ્રેષ્ઠ અર્જુન ! પીડાયેલો, જિજ્ઞાસુ, (સંસારના) પદાર્થોને મેળવવાની ઈચ્છાવાળો અને જ્ઞાની- એમ ચાર પ્રકારના પુણ્યશાળી લોકો મને ભજે છે.

6) लोक :- લોકો
यस्मात् - જેનાથી
न उद्विजते - ઉદ્વેગ પામતા નથી
प्रिय :- પ્રિય

જેનાથી લોકો દુઃખ પામતાં નથી અને જે પોતે લોકોથી સંતાપ પામતો નથી, જે હર્ષ, ક્રોધ, ભય અને ઉદ્વેગથી મુક્ત થયેલો છે તે ભક્ત મને પ્રિય છે.

7) कार्याकार्ये - कर्तव्य अने अकर्तव्यने
भयाभये - भय अने अभयने
बन्धम- बंधन
मोक्षम- मोक्षने
वेत्ति - जाणे छे
सात्त्विकी - सात्त्विक बुद्धि

हे पार्थ ! जे बुद्धि प्रवृत्ति अने निवृत्ति, कर्तव्य अने अकर्तव्य, भय अने अभय, बंधन अने मुक्तिने जाणे छे, ते सात्त्विक बुद्धि छे.

## स्वाध्याय

1. 1) कः न जायते म्रियते वा कदाचित् ?
→ आत्मा

2) कस्य मृत्युः ध्रुवः ?
→ जातस्य

3) कस्मिन् अर्थे त्वं न शोचितुमर्हसि ?
→ अपरिहार्ये

4) कस्मिन् सङ्गः ते सङ्गः न स्यात् ?
→ अकर्मणि

5) कः ज्ञानं लभते ?
→ श्रद्धावान्

6) कतिविधाः भक्ताः भवन्ति ?
→ चतुर्विधाः

2. 1) अजः नित्यः शाश्वतः पुराणः कः ?
→ आत्मा अजः नित्यं शाश्वतः पुराणः च।

2) मृतस्य किं ध्रुवम् ?
→ मृतस्य जन्म ध्रुवम् ।

3) कस्मिन् ते अधिकारः अस्ति ?
→ कर्मणि ते अधिकारः अस्ति ।

4) जनः कदा शान्तिम् अधिगच्छति ?
→ जनः ज्ञानं लब्ध्वा परां शान्तिम् अधिगच्छति ।

5) कः भक्तः भगवतः प्रियः ?
→ यस्मात् लोकः न उद्विजते, यः लोकात् न उद्विजते, यः च हर्षामर्षभयोद्वेगैः मुक्तः सः भक्तः भगवतः प्रियः।

3. 1) आत्मा न जायते म्रियते वा कदाचित्।

2) कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।

Page
Date

3) श्रद्धावान् लभते ज्ञानम् ।

4) बन्धं मोक्षं च या वेत्ति सा बुद्धिः सात्त्विकी ।

4.

| एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
|---|---|---|
| शरीरे | शरीरयोः | शरीरेषु |
| जनः / हे जन | जनौ | जनाः |
| लोकात् | लोकाभ्याम् | लोकेभ्यः |
| प्रवृत्तिः | प्रवृत्ती | प्रवृत्तयः |

5. 1) आत्मा हन्यमाने शरीरे न हन्यते ।
→ आत्मा कीदृशे शरीरे न हन्यते ?

2) ज्ञानं लब्ध्वा शान्तिम् अधिगच्छति ।
→ किम् लब्ध्वा शान्तिम् अधिगच्छति ?

3) सुकृतिनः जनाः मां भजन्ते ।
→ सुकृतिनः जनाः कम् भजन्ते ?

4) सा बुद्धिः सात्त्विकी वर्तते ।
→ सा बुद्धिः कीदृशी वर्तते ?

6. 1) अजो नित्य :- अज : + नित्य :
शाश्वतोऽयम् - शाश्वत : + अयम्
कर्मण्येवाधिकारस्ते - कर्मणि + एव + अधिकार : + ते
सङ्गोऽस्त्वकर्मणि - सङ्ग : + अस्तु + अकर्मणि

7. 1) गीतामृतम् - षष्ठी तत्पुरुष समास :
2) अपरिहार्ये - नञ् तत्पुरुष समास :
3) संयतेन्द्रिय :- बहुव्रीहि समास :
4) हर्षामर्षभयोद्वेगा :- इतरेतर द्वन्द्व समास :
5) भयाभये - इतरेतर द्वन्द्व समास :

8. 1) जातस्य हि .......... शोचितुमर्हसि ॥
जातस्य हि ध्रुवो मृत्यु : ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

2) यस्मान्नोद्विजते .......... मे प्रिय : ॥
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च य : ।
हर्षामर्षभयोद्वेगै : मुक्तो य : स च मे प्रिय : ॥

9. 1) कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भू : मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥

Scanned with OKEN Scanner

અનુવાદ: કર્મ કરવામાં જ તારો અધિકાર છે; ફળની બાબતમાં ક્યારેય નહિ. તું કર્મના ફળની ઈચ્છાવાળો થઈશ નહિ. કર્મ ન કરવામાં પણ તારી આસક્તિ ન થાઓ.

અર્થવિસ્તાર: પ્રસ્તુત શ્લોકમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, તારે સદૈવ કર્મ કરતા રહેવું જોઈએ. 'આ કર્મથી મને શું મળશે ?' એનો તારે જરા પણ વિચાર કરવાનો નથી. કર્મના ફળનો જો તું વિચાર કરીશ તો તે મર્યાદિત યા સીમિત થઈ જશે. કોઈ વ્યક્તિ અમુક વ્યવસાય કરતી હોય અને તેને તેનાથી અમુક આવક થતી હોય, પરંતુ જો તે આવકને લક્ષમાં રાખીને જ કર્મ કરે તો ક્યારેક તેને મર્યાદિત આવક થાય; તેનો માલિક તેને ફક્ત લોભવશ કામ કરનાર કર્મચારી ગણી લે. ભારતીય સંસ્કૃતિમાં કર્મનો સિદ્ધાંત મુખ્ય છે. કર્મ જ મહાન છે. વ્યક્તિનાં સાચાં-ખોટાં કર્મોને આધારે જ તેનું આ લોકનું કે પરલોકનું ભવનિર્માણ થાય છે. ગીતા કર્મફળનો મોહ ન રાખતાં, સ્વાર્થ ત્યજીને નિષ્કામ ભાવે કર્મ કરવાની પ્રેરણા આપે છે. ફળની અપેક્ષાથી જે કર્મો કરવામાં આવે છે, તે કર્મફળ જીવોને બંધનમાં બાંધે છે. પરિણામે આવા જીવોને મુક્તિ મળતી નથી. મનુષ્યનાં કર્મો પ્રમાણે જ તેને તેનું ફળ તો પ્રાપ્ત થવાનું જ છે. તેથી કર્મફળ લાલસાથી રહિત થઈને કર્તવ્યબુદ્ધિથી કર્મો આચરવાં જોઈએ. નિષ્કામ ભાવે કર્મ કરતા રહેવામાં જ કલ્યાણ છે, તેના ફળની આશામાં નહીં.

આમ, કર્મનો સિદ્ધાંત અટલ છે. કર્મની ગતિ ન્યારી છે. પ્રાણી પોતાના શુભાશુભ કર્મોના ફળસ્વરૂપે જ આ લોક કે પરલોકનાં સુખો કે દુઃખોનો ભોક્તા બને છે. તેથી ફળની અપેક્ષાથી રહિત થઈને, પ્રમાદ કર્યા વિના કર્મોનું આચરણ કરવું જોઈએ.

Scanned with OKEN Scanner

२) श्रद्धावान्‌ लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ।।

અનુવાદ :- સાવધાન અને જેની ઈન્દ્રિયો કાબૂમાં હોય તે શ્રદ્ધાવાન પુરુષ જ્ઞાન પ્રાપ્ત કરે છે; જ્ઞાન પ્રાપ્ત કરીને તે ટૂંક સમયમાં પરમ શાંતિ આપે છે.

અર્થવિસ્તાર :- જ્ઞાન મેળવવા ઈચ્છનારમાં શ્રદ્ધા હોવી જોઈએ. ગીતાકારે પહેલેથી કહ્યું છે કે યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ, અર્થાત્‌ જે જેવી શ્રદ્ધા યા ભાવના રાખશે તેને તેવું ફળ મળશે. જેણે પોતાની ઈન્દ્રિયો પર વિજય મેળવ્યો હોય તેને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને ટૂંક સમયમાં તે પરમ શાંતિનો અધિકારી પણ બને છે. જેણે મનસહિત સમગ્ર ઈન્દ્રિયો પર પૂર્ણપણે કાબૂ મેળવ્યો હોય તે જ પોતાના મનને પૂરેપૂરી શ્રદ્ધાથી ઈશ્વરમાં લીન કરી શકે છે. આવો જ્ઞાની પુરુષ જ ઉત્તમ શાંતિને ટૂંક સમયમાં જ પામી શકે છે. મનુષ્ય જીવનમાં શ્રદ્ધાનું સ્થાન ખૂબ મહત્ત્વનું છે. પોતાની જાત પર ભરોસો રાખીને ઈચ્છિત લક્ષ્ય મેળવવા માટે કાર્ય કરવામાં આવે, તો તે લક્ષ્ય જરૂર સફળ થાય છે. કોઈ પણ વિષય કે વિદ્યા શીખવા માટે શ્રદ્ધા હોવી જરૂરી છે. શ્રદ્ધાના સહારે જ કાર્યોને સિદ્ધ કરી શકાય છે. જ્ઞાનપ્રાપ્તિના ધ્યેયને પહોંચી વળવા માટે ગુરુમાં શ્રદ્ધા હોવી આવશ્યક છે. આવો શિષ્ય જ જીતેન્દ્રિય બનીને પરમજ્ઞાન પ્રાપ્ત કરે છે.

આમ; શ્રદ્ધાવાન મનુષ્ય જ જ્ઞાન પ્રાપ્ત કરીને પરમ શાંતિનો અધિકારી બને છે.

3) चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥

Page
Date

અનુવાદ: હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન! પીડાયેલો, જિજ્ઞાસુ, (સંસારના) પદાર્થોને મેળવવાની ઇચ્છાવાળો અને જ્ઞાની - એમ ચાર પ્રકારના પુણ્યશાળી લોકો મને ભજે છે.

અર્થવિસ્તાર: પ્રસ્તુત શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, ચાર પ્રકારના સદાચારી લોકો મને ભજે છે: (1) આર્ત: દુ:ખી, પીડાયેલો. સંસારના વિવિધ તાપો જેવા કે આધિ, વ્યાધિ અને ઉપાધિથી પીડાયેલો દુ:ખી મનુષ્ય ઈશ્વરને પોતાને આ દુ:ખોમાંથી ઉગારવા માટે ભજે છે. કોઈ કારણથી દુ:ખમાં આવી પડેલો તે ભગવાનના શરણે જાય છે અને પોતાના દુ:ખના નિરાકરણ માટે વિનવે છે. આવો ભક્ત 'આર્ત' ભક્ત છે. (2) જિજ્ઞાસુ: ઈશ્વરના સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળો જિજ્ઞાસુ ભક્ત છે. જેને અન્ય કોઈ સાંસારિક પદાર્થોને મેળવવાની કામના નથી હોતી પરંતુ માત્ર ને માત્ર ઈશ્વરને જાણવામાં, સમજવામાં જ રસ હોય છે. તેથી આવા ભક્તને જિજ્ઞાસુ કહેવામાં આવ્યો છે. (3) અર્થાર્થી: સંસારના પદાર્થો અર્થાત્ ધન, પદ, સંતાન વગેરે સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ કરવાની કામનાથી ભગવાનની ભક્તિ કરનાર અર્થાર્થી ભક્ત છે. પોતાના જીવનને સુખ - સંપન્ન અને ધન-ધાન્યથી સમૃદ્ધ બનાવવા માટે પણ આવા લોકોને ઈશ્વરને ભજે છે. તેઓને મન ભૌતિક સાધન-સામગ્રીનાં સુખો જ મહત્ત્વનાં હોય છે. આ સિવાય અન્ય મેળવવાની ઇચ્છા હોતી નથી. (4) જ્ઞાની: જેને સંસારની અનિત્યતા, આત્માની અમરતા તથા ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન થઈ ગયું છે તે જ્ઞાની ભક્ત છે. જ્ઞાનસંપન્ન વિદ્વાનને ઈશ્વરભક્તિમાં જ સર્વ સુખનો અનુભવ થાય છે. આથી તે ઈશ્વરભક્તિને જ પોતાના સર્વ જન્મોનું શ્રેષ્ઠ લક્ષ્ય માને છે અને તેમાં જ રમમાણ રહે છે.

આમ, વિવિધ પ્રકારના ભક્તો ભગવાનને પોતાની વિવિધ આશાઓ સંતોષવા માટે ભજે છે.

Scanned with OKEN Scanner

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION